# સાબરકાંઠામાં કોરોના બોમ્બ ફૂટ્યો, બે દિવસમાં ૧૦૫ પોઝીટીવ કેસ

## આગામી સપ્તાહમાં કોરોના વધુ પીક પકડે તેવી દહેશત વધી

સાબરકાંઠામાં છેલ્લા બે દિવસથી કોરોના બોમ્બ ફૂટ્યા જેવી સ્થિતિ છે. બે દિવસમાં ૧૦૫ પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર અને વહિવટીતંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. જેમ જેમ દિવસો આગળ વધી રહ્યા છે તેમ તેમ જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વધતા કોરોના કેસથી ચારેકોર ચિંતા પ્રવર્તિ રહી છે. પ્રજાએ હવે સાવધ થવાની સાથે વેક્સિનેશન બાકી હોય તો વેક્સિનેશનના ડોઝ લઈ કોરોના સામે બાથ ભીડતાં તંત્રને મદદરૂપ થવું જોઈએ.

છેલ્લા એક પખવાડિયાથી ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેરનું આગમન થયું છે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લો કોરોના હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યો છે. ગત ડિસેમ્બરથી વિદેશથી આવેલી મહિલા કોરોના સંક્રમિત થઈ અને ત્યાર પછી જિલ્લાની માઠી દશા બેઠી છે. એક પછી એક કોરોનાના કેસમાં સતત ઉછાળો આવતા હવે સંક્રમણને કાબૂમાં લેવું વહિવટીતંત્રના વશમાં નથી. કોરોનાની ગતિ તેજ હોવા છતાં જિલ્લાના બજારોમાં લાપરવાહ લોકોની ભીડ આવનારા એક સપ્તાહમાં મોટી આફત નોતરી શકે છે. જિલ્લાના આરોગ્ય વિભાગે કોરોનાની વણસતી સ્થિતિ અંગે જિલ્લા કલેક્ટરને જાણકારી પણ આપી દીધી છે. ૪ થી વધુ વ્યક્તિઓના ભેગા થવા ઉપર પાબંધી છતાં ક્યાંય નિયમોનું પાલન થતું હોય તેવું જણાતું નથી. ઉત્તરાયણના દિવસે ૭૦ અને વાસી ઉત્તરારયણના દિવસે ૩૫ નવા પોઝીટીવ કેસ સામે આવતા જિલ્લામાં બે દિવસમાં સદીને પાર કરતાં અત્યાર સુધીમાં જિલ્લામાં ૨૫૮ એક્ટિવ કેસ નોંધાયા છે. આ માત્ર સરકારી આંકડો છે પરંતુ ખાનગી આંકડો ૬૦૦ થી વધુ હોવાની આશંકા નકારી શકાતી નથી.

**સાબરકાંઠામાં એક્ટિવ કેસ**

| તાલુકો | એક્ટિવ કેસ |
|---|---|
| હિંમતનગર | ૧૪૫ |
| પ્રાંતિજ | ૧૩ |
| ઈડર | ૬૫ |
| તલોદ | ૧૩ |
| વડાલી | ૦૩ |
| ખેડબ્રહ્મા | ૧૧ |
| પોશીના | ૦૫ |
| વિજયનગર | ૦૩ |

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કમૂરતા પૂરા થતાં લગ્નોના ઢોલ ઢબુક્યા

### દોઢ મહિનો સુધી ચાલનારી લગ્નસરાની મોસમ : બજારોમાં ખરીદી શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણના તહેવાર પછી કમૂરતાં ઉતરતાં જ લગ્નસરાની મોસમ શરૂ થતાં લગ્નોના ઢોલ ઢબુકવા લાગ્યા છે જ્યારે ૬ મહિના સુધી લગ્નસરાની મોસમ ચાલનારી હોવાથી બજારોમાં પણ સોના સહિત વસ્ત્રોની ખરીદી શરૂ થતાં વેપારીઓ મલકાઈ ઉઠ્યા છે. જિલ્લામાં ખાસ કરીને મે. માસમાં વધુ લગ્નો હોવાથી તેની તૈયારીઓ અત્યારથી જ જોરશોરથી શરૂ થતાં કમૂરતામાં ઠપ્પ થઈ ગયેલા ધંધા-રોજગારોને નવું ઈંધણ મળતાં વેપારીઓના મુખ ઉપર આનંદ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં મકરસક્રાંતિના તહેવાર પછી શુભ કાર્યો પર કમૂરતાની લાગેલી બ્રેક દૂર થઈ જતાં અટકેલા તમામ સારા પ્રસંગો ફરીથી શરૂ થઈ ગયા છે. ખાસ કરીને જિલ્લામાં લગ્નસરાની મોસમ શરૂ થવા જઈ રહી છે અને કેટલાક વિસ્તારોમાં તો લગ્નોના ઢોલ અત્યારથી જ ઢબુકવા લાગ્યા છે. જિલ્લામાં ૬ મહિના સુધી લગ્નસરાની મોસમ ચાલનારી હોવાથી કંકોત્રી, કેટેરર્સ અને ડેકોરેશનવાળાઓને ત્યાં રીતસરનો તડાકો પડ્યો છે. જિલ્લામાં કમૂરતાં ઉતરતાં જ લગ્નોની ખરીદી પણ શરૂ થઈ જતાં ખાસ કરીને લગ્ન પ્રસંગ નિમિત્તે સોનાની ખરીદી શરૂ થઈ છે. બીજી તરફ લગ્નના વસ્ત્રોમાં પણ ખરીદી શરૂ થતાં વેપારીઓએ હજુ પણ સારી ઘરાકી નિકળવાની આશા સાથે માલનો પૂરતો સ્ટોક ભરી દીધો છે.

જિલ્લામાં મે. મહિનામાં ઢગલો લગ્નો આયોજીત થતા હોવાથી આ વખતે અગાઉથી જ લગ્નપ્રસંગ નિમિત્તે હોલ તથા વાડી બુક કરવાની પૂછપરછ શરૂ થઈ ગઈ છે પરંતુ કોરોનાનું નિયંત્રણ લાગ્યું હોવાથી હવે પાર્ટીપ્લોટ કે વાડી બુક કરાવી જોઈએ કે નહી તે બાબતની અસમંજસ લગ્નના યજમાનોને સતાવી રહી છે. જિલ્લામાં લગ્નોની મોસમે સુવર્ણકારો, વસ્ત્રના વેપારીઓ, દરજી તથા વાસણના વેપારીઓને કમાણીની તક પૂરી પાડી હોય તેમ કમૂરતાં ઉતરતાં જ ધુમ ઘરાકી નિકળી છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો લગ્નની કંકોત્રીઓનું વિતરણ થયા પછી ૧૫૦ લોકોને આમંત્રણ આપી શકાય તેવી ગાઈડલાઈનથી મુશ્કેલી ઉભી થઈ છે. જિલ્લામાં ઉત્તરાયણના દિવસે મહિના પછી કમૂરતાં ઉતરતાં ધંધા-રોજગારોને પણ નવું ઈંધણ મળ્યું છે અને ટૂંક સમયમાં જ મોટા ભાગના વિસ્તારોમાં લગ્નસરાની સીઝન શરૂ થનારી હોઈ બજારોમાં ભારે તેજી જોવા મળી રહી છે. આ વર્ષે તમામ ચીજ વસ્તુઓમાં મોંઘવારી સવાર થઈ છે અને ખાસ કરીને સોનું મોંઘુદાટ થયું હોવા છતાં લગ્ન પ્રસંગોમાં તે અનિવાર્ય હોવાથી જિલ્લામાં કમૂરતા પત્યા પછી સોનાની ખરીદી શરૂ થયાનું દેખાઈ રહ્યું છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડી લહેરની ઝપેટમાં : રાત્રે કાતિલ ઠંડીથી જનજીવન ટાઢુંબોળ

બાયડ તા.૧૬

રાજ્યમાં ઠંડીનું મોજૂ ફરી વળ્યું છે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો પણ ઠંડીના અજગરી ભરડામાં ફરીથી સપડાયો હોય તેવું છેલ્લા ત્રણ દિવસથી દેખાઈ રહ્યું છે. જિલ્લાનું જનજીવન ઠંડીની લપેટમાં આવી જતાં કાતિલ ઠંડીથી સમી સાંજથી જ જનજીવન ટાઢુંબોળ બની જવા પામ્યું છે. જ્યારે કાતિલ ઠંડીના પગલે પ્રજા ઘરમાં પુરાઈ ટી.વી. સામે બેસી જતાં અનેક સીરીયલોના દર્શકોની સંખ્યામાં કાતિલ ઠંડીએ વધારો કરી દીધાનું જાણવા મળેલ છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આ વર્ષે કાતિલ ઠંડીએ અગાઉના તમામ વિક્રમોને પાછળ છોડી દીધા છે. કાતિલ ઠંડી કેવી હોય તેનો ટાબરીયાંથી માંડી વૃદ્ધોને પણ અનુભવ થઈ ગયો છે. આ વખતે જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ ફરી વળતાં અનેક વૃદ્ધોની જીવન લીલા સંકેલાઈ ગઈ છે. પ્રજા પણ આ વર્ષે ઠંડીમાં વૃદ્ધોના વધુ મોત થયાનું જણાવી રહી છે. જિલ્લામાં નવેમ્બર, ડિસેમ્બર અને હવે જાન્યુઆરી માસમાં પણ કાતિલ ઠંડીનો ડોઝ ચાલુ રહ્યો હતો. ખાસ કરીને ઉત્તરાયણ પછી ઠંડીનું જોર ઘટી જાય તેવી સર્વમાન્ય માન્યતાનો પણ છેદ ઉડી ગયો છે.

**ઈસ્ટ્રુમેન્ટના આંકડા ઠંડી ઘટ્યાના દાવા કરે છે**

ઉત્તરાયણ પછી પણ જિલ્લામાં સતત ૩ દિવસથી કાતિલ ઠંડીનું મોજુ હાવિ રહેતાં નાના બાળકો ફરીથી માંદગીમાં પટકાયા છે. જ્યારે કાતિલ ઠંડીના સૂસવાટામાં વાંકા ચાલતા જી.ઈ.બી. તંત્રએ રાત્રે વિજ પુરવઠો આપવાની શરૂઆત કરતાં અનેક ખેડૂતોને મગજની શરદી થઈ જતાં હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી રહી છે. જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ હાવિ રહ્યું છે અને તે માટે જિલ્લામાં આ વખતે પિયત વિસ્તાર વધવાની સાથે સિંચાઈ પૂરી પાડતી કેનાલોમાં પાણીનો અવિરત જથ્થો વહેતો હોઈ ઠંડીનું પ્રમાણ વધ્યાનું ખેડૂતો અને બુઝર્ગો જણાવી રહ્યા છે. જો કે જિલ્લામાં ઠંડી અને ગરમીનું માપણ કરતા ઈસ્ટ્રુમેન્ટ ઉપર નજર કરવામાં આવે તો ઈડરમાં લઘુત્તમ તાપમાન ૯ ડીગ્રી નોંધાયું હતું.

જો કે શિયાળામાં અને તે પણ જાન્યુઆરી માસમાં કાતિલ ઠંડીનું કામણ હાવિ રહ્યું છે તે જોતાં કાતિલ ઠંડીથી પ્રજા અને પશુ-પંખીઓના આરોગ્યને ભલે માઠી અસર પહોંચતી હોય પરંતુ રવિ ખેતીની તબિયતમાં સુધારો થયાનું જરૂર કહી શકાય. આજ રીતે કાતિલ ઠંડીનું મોજૂ એકાદ સપ્તાહ હાવિ રહેશે તો ઘઉં, વરીયાળી, જીરૂ, રાયડાને વધુ ફાયદો થશે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણ દરમિયાન વિજ તાર ભેગા થઈ જવાના અસંખ્ય બનાવો

### અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ : ક્યાંક હાઈવોલ્ટેજથી ઉપકરણો નકામા બન્યા

બાયડ તા.૧૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તા.૧૪-૧૫ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગ-દોરી વિજ વાયરો સાથે વીંટળાઈ જવાથી વિજ તાર ભેગા થઈ જવાના અસંખ્ય બનાવો જિલ્લામાં નોંધાયા હતા. જ્યારે બે વિજ તાર ભેગા થઈ જતાં અનેક વિસ્તારોમાં હાઈવોલ્ટેજને લઈને વિજ ઉપકરણો નકામા બની ગયા હતા. તો કેટલાક વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ જતાં કેટલાક પતંગ રસિયાઓએ ધાબા-અગાશીઓ ઉપર સાઉન્ડ સીસ્ટમ ગોઠવી હતી તે શોભારૂપ બની રહી હતી.

ઉત્તરાયણ પર્વ આવે ત્યારે ખાસ કરીને વીજળી અને ટેલિફોન સેવાને માઠી અસર પહોંચતી હોય છે. જો કે બી.એસ.એન.એલ. દ્વારા કેબલ ભૂમિગત કરી દેતાં હવે કોઈ મોટી સમસ્યા ઉત્તરાયણ દરમ્યાન ટેલિફોન સેવાને નડતી નથી પરંતુ આ વખતે તંત્રના લાખ દાવા છતાં જીવલેણ ગણાતી નાયલોન દોરીનું જિલ્લામાં ધુમ વેચાણ થયું હતું. જ્યારે પતંગો કપાયા પછી દોરી અન્ય વિજ વાયરો પર પડતાં અને દોરી ખેંચવા સમયે વિજ વાયરો ભેગા થઈ જવાના સંખ્યાબંધ બનાવો સમગ્ર જિલ્લાના ફીડરોમાં નોંધાયા હતા. તો કેટલાક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બે વિજ તાર ભેગા થઈ જતાં ભારે ધડાકા સાથે તણખલા ઉઠ્યાના કિસ્સા પણ પતંગબાજોએ નજરે નિહાળ્યા હતા. જ્યારે એકાએક બે વિજતાર ભેગા થઈ જાય ત્યારે હાઈવોલ્ટેજ થઈ જવાથી કેટલા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજળી ઉપકરણો બળી જવાના કિસ્સા પણ નોંધાયા છે. જો કે વિજ કરંટ લાગવાના કિસ્સા હજુ સુધી પોલીસ દફતરે નોંધાયા ન હતા. જિલ્લામાં ઉત્તરાયણ પર્વ દરમ્યાન મિત્રો અને સબંધીઓ સાથે પતંગ ઉડાડતાં-ઉડાડતાં ગીત સંગીતની મોજ માણવા માટે મૂકેલા એમ્પલીફાયર તથા સાઉન્ડ સીસ્ટમ પણ વીજળી ડૂલ થઈ જતાં શોભાના ગાંઠીયારૂપ બની જતાં પતંગ ઉત્સવમાં નિરૂત્સાહ દાખવનારા સંગીત પ્રેમીઓ દિવસ દરમ્યાન ધાબા પર જ બોરીંગ બની રહ્યાનું જાણવા મળેલ છે.

## બાયડ-મોડાસા હાઈવે ઉપર બેરોકટોક દોડી રહેલાં ઝેરી કેમીકલ ભરેલાં ટેન્કર

### પસાર થાય પછી માર્ગો ઉપર માથું ફાડી નાખે તેવી દુર્ગંધ પ્રસરવા લાગી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

બાયડ-મોડાસા હાઈવે ઉપર બેરોકટોક મોતના સામાનની હેરાફેરી થઈ રહી છે. બેફામ દોડી રહેલા ટેન્કરમાં ઝેરી કેમીકલ ભરેલું હોય છે અને સપ્તાહમાં ૩ થી ૪ દિવસ આવાં ટેન્કર પસાર થાય છે. ટેન્કર પસાર થયાની ગણતરીની સેકન્ડમાં જ માથું ફાડી નાખે તેવી દુર્ગંધ પ્રસરવા લાગે છે. ડેમાઈ, બાયડ, વાત્રક, ધનસુરામાંથી આવી ટેન્કર પસાર થયા પછી વેપારીઓ અને ખરીદી માટે આવેલા લોકોને નાક ઉપર રૂમાલ ઢાંકી દેવાની ફરજ પડે છે ત્યારે પોલ્યુશન વિભાગના અધિકારીઓ ઓફીસમાં બેઠા બેઠા ગપાટા માર્યા વગર દુર્ગંધ મારતા કેમીકલ ભરીને દોડતા ટેન્કરો સામે સખ્તાઈ દાખવે તેવી આ વિસ્તારના લોકોની માંગ સામે આવી છે.

## મોડાસા લાયન્સ ક્લબે ગાત્રો થીજાવતી ઠંડીમાં જરૂરિયાતમંદ લોકોને ધાબળાની હૂંફ આપી





મોડાસા, ૧૬

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી હાડ થીજવતી ઠંડીથી બચવા લોકો ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃતિઓમાં અગ્રેસર રહેતી લાયન્સ ક્લબના પ્રમુખ ગીરીશ પટેલ તેમના પત્ની અને ડી.સી પરેશ શાહે ઉત્તરાયણ પર્વના દિવસે શહેરના જરૂરિયાતમંદ લોકોને ઠંડી સામે રક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી ૨૫ થી વધુ ધાબળાનું વિતરણ કરી માનવતાની હૂંફ આપવાનો પ્રયત્ન કર્યો હતો મોડાસા લાયન્સ ક્લબ સતત જરૂરિયાત મંદ લોકો માટે કામ કરતું રહ્યું છે. હાલ ઠંડીની સીઝનમાં બાળકો વૃદ્ધો ઠંડીથી ધ્રુજી રહ્યા છે ત્યારે લાયન્સ ક્લબ મોડાસાએ શહેરના માર્ગો પર જીવન નિર્વાહ કરતા લોકોને ધાબળાનું વિતરણ કરતા જરૂરિયાતમંદ પરિવારોમાં આનંદ છવાયો હતો

## વિકાસને મૂકો બાજુમાં, તળાવ, ચેકડેમ ભરવાનું વિચારો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

આ વર્ષે સૌથી લાંબા ચોમાસાના કારણે તળાવો, ચેકડેમ અને જળાશયો છલકાતાં ઉનાળા સુધી પાણીનું સંકટ ભૂલાયું તેવું ગણિત મંડાયું હતું પરંતુ આશ્ચર્ય વચ્ચે જાન્યુઆરીના આરંભે જ તળાવો, ચેકડેમમાંથી પાણી સૂકાવા લાગ્યાં હતાં જેમાં જાન્યુઆરીના પ્રથમ પખવાડીયા સુધીમાં ૧૪ તાલુકાના ૧૦૦૦ થી વધુ ચેકડેમનાં પાણી તળીયા ઝાટક થઈ ગયાં છે. હજુ થોડાક દિવસો અગાઉ ચેકડેમ પાણીથી છલોછલ હતા અને એકાએક પાણી અદ્રશ્ય થતાં ખેડૂતો અને પશુપાલકો વિમાસણમાં મૂકાયા છે. સરકાર દ્વારા વિકાસના કામો માટે કરોડોનું બજેટ ફાળવવામાં આવે છે. સરકારી બાબુઓ અને કોન્ટ્રાકટરોને વિકાસના કામોમાં રસ હોય પરંતુ વહીવટી તંત્રએ વિકાસના કામોને બાજુએ મૂકી અત્યારથી જ તળાવ અને ખાલીખમ ચેકડેમ ભરવાનું આયોજન કરવું પડશે અન્યથા ફેબ્રુઆરીના અંતમાં મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું ગંભીર સંકટ આકાર લઈ શકે છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનાં તળ ઉંડાં જઈ રહ્યાના પણ અહેવાલ આવી રહ્યા છે.

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા પૈકી સાબરકાંઠા, અરવલ્લીમાં વર્તમાન મોસમનો સરેરાશ ૬૫ ટકાથી ઓછો વરસાદ વરસ્યો છે તેના કારણે રવી વાવેતરમાં પણ ગત વર્ષની સરખામણીએ ઘટાડો જોવા મળ્યો. ખેડૂતોને ઘરેલું ઉપરાંત સરકારની સિંચાઈ યોજનાનો લાભ મળતો થયો છે જેથી સર્વત્ર હરિયાળી દેખાય છે. પરંતુ હવે વહીવટી તંત્ર, સરકાર અને ખુદ ખેડૂતો અને પશુપાલકોને ચિંતા થાય તેવી વિગતો સામે આવી રહી છે. તળાવોમાંથી પાણીનાં તળ ઉંડાં ઉતર્યા પછી ચેકડેમમાંથી તો પાણી તળીયા ઝાટક થઈ ગયાં છે. પાણી અદ્રશ્ય થવા માટે સિંચાઈ માટે પાણીની ચોરી થતી હોય તેવી આશંકા હોય પરંતુ આવું કોઈ જગ્યાએ ધ્યાનમાં આવ્યું નથી. પરંતુ પાણીનાં તળ ઉંડાં ઉતરવાની સાથે સંગ્રહીત પાણી પણ અદ્રશ્ય થઈ રહ્યાં છે. અસહ્ય ગરમી હોય તો પાણીનું વધુ પ્રમાણમાં બાષ્પીભવન થાય પરંતુ હાડથીજવતી ઠંડીમાં પાણીને અદ્રશ્ય થવાની બાબત ચોંકાવનારી જરૂર છે ત્યારે સરકાર અને વહીવટી તંત્રએ ધીમે ધીમે આકાર લઈ રહેલા પાણીના સંકટને અવસરમાં ફેરવવા માટે અત્યારથી જ ખાલીખમ તળાવ, ચેકડેમ ભરવા માટે અને સરકારમાં દરખાસ્ત કરવી પડશે. હાલની સ્થિતિએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સેંકડો ચેકડેમમાંથી પાણી અદ્રશ્ય થઈ ગયાં છે. તળાવોમાં ૧૫ થી ૨૦ ટકા પાણીનો જથ્થો છે તે બાબત ગંભીર છે કારણ કે ૨ જિલ્લાના ૧૮ લાખથી વધુ મૂંગા પશુઓને આગામી દિવસોમાં જ પાણી કેવી રીતે પીવડાવી તરસ છીપાવવી તે યક્ષ પ્રશ્ન સામે આવી શકે છે.

**જિલ્લામાં કાતિલ ઠંડીના સૂસવાટા વચ્ચે ૧૦૦૦ ચેકડેમનાં પાણી તળીયા ઝાટક : ફેબ્રુઆરી માસમાં પાણીની વિકટ સમસ્યાના એંધાણ : ઘાસચારાની અછતના સંકેત પછી પાણીનું સંકટ**

### ૧૮, ૧૯, ૨૦ જાન્યુઆરીએ અધધ લગ્નો

## કમુહર્ત સંપન્ન : ઉત્તર ગુજરાતમાં નવા વર્ષના લગ્નસરાનો આરંભ, કોરોનાની ગાઈડલાઈનથી વિઘ્ન

### ઝવેરી, કરીયાણા, ગારમેન્ટ બજારમાં તેજીના અણસાર, બ્યુટીપાર્લરોના ત્યાં તડાકો

બાયડ તા.૧૬

ઉત્તર ગુજરાતમાં વર્ષોની પ્રણાલી પ્રમાણે ઉત્તરાયણ સામે હોય તે સમયના કમુહર્તમાં શુભકાર્યો ઉપર બ્રેક આવી જતી હોય છે. કમુહર્ત સંપન્ન થતાં લગ્નસરાના અવસરોનો ધામધૂમથી પ્રારંભ થશે. કાતિલ ઠંડીના માહોલમાં નવા વર્ષના આરંભનો લગ્નસરાનો અવસર શરૂ થતાં અનેક ગામોમાં લગ્નના માંડવા બંધાયા છે. તેમાંય તા.૧૮, ૧૯, ૨૦ જાન્યુઆરીએ અધધ લગ્નો હોવાથી કોને કોના ઘેર હાજરી આપવી તેની વિમાસણ મૂકાઈ છે અનેક પરિવારોના ત્યાં લગ્નની આમંત્રણ પત્રિકાઓના થપ્પા લાગ્યા છે. ગત તા.૧૫ ડિસેમ્બર થી ૧૫ જાન્યુઆરી સુધી કમુહર્તના કારણે ધંધા-રોજગારમાં મંદી હતી પરંતુ લગ્નસરાના અવસર શરૂ થતાં ઝવેરી, કરીયાણા, ગારમેન્ટ બજારમાં તેજીના અણસાર છે. જ્યારે બ્યુટીપાર્લરોમાં ગ્રાહકોનો તડાકો પડ્યો છે.

અગાઉના વર્ષોમાં વડવાઓ વૈશાખ માસને લગ્ન માટે અનુકુળ મહિનો ગણી વૈશાખ માસમાં લગ્નોના આયોજનો કરતા હતા પરંતુ જેમ સમય બદલાયો તેમ લગ્નના આયોજનોમાં પણ બદલાવ આવ્યો છે. વર્ષો અગાઉ અપર્યાપ્ત સુવિધાઓના કારણે ઘરઆંગણે લગ્નો આયોજીત થતા હતા પરંતુ હવે સમૂહ લગ્નનો ટ્રેન્ડ શરૂ થયો છે. જેમાં પૈસા અને સમયનો પણ બચાવ થતો હોવાથી મોટાભાગની જ્ઞાતિઓ પોષ મહિનામાં વસંતપંચમીના દિવસે સમૂહ લગ્નોનું આયોજન કરતી હોય છે. ઉત્તર ગુજરાતમાં ઉત્તરાયણનું પર્વ હર્ષોલ્લાસથી સંપન્ન થયા પછી હવે આગામી સમય લગ્નસરાનો બની રહેનારો છે. ૫ જિલ્લામાં શિયાળાની કાતિલ ઠંડીમાં વિદ્વાન બ્રાહ્મણોએ લગ્નોનાં અઢળક મુહર્ત નિકાળ્યાં છે જેથી લગ્ન સંલગ્ન ધંધા-રોજગારોમાં ધીરે ધીરે તેજી આવી રહી છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પોષ મહિના દરમ્યાન ક્યાંક સમૂહ લગ્નોત્સવ તો ક્યાંક ઘરઆંગણે ભપકાદાર લગ્નોના આયોજનો થયા છે જેના કારણે ગોરમહારાજ તેમજ કેટરર્સના ધંધાર્થીઓને યજમાન સાચવવા માટે દોડધામ કરવી પડે તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે. આ વર્ષે લગ્નનાં અઢળક મૂહર્ત નિકળ્યાં હોવાથી યજમાનો દ્વારા અગાઉથી જ પાર્ટીપ્લોટ તેમજ હોલ બુક કરવામાં આવ્યા છે. લગ્નસરાની સીઝનનો ધમાકેદાર પ્રારંભ થનારો હોવાથી લગ્નમંડપ તેમજ લગ્નમાં જોડાનાર વાહનોને શણગારવા માટે ફુલોની માંગમાં ધરખમ વધારો થયો છે. આ વર્ષે પાછોતરા વરસાદના કારણે ફુલની વાડીઓમાં માઠું નુકસાન થયું હોવાથી ગુલાબ, ગલગોટા, જુઈ સહિતના ફુલોના ભાવમાં લગ્નસરા પૂર્વે વધારો જોવા મળી રહ્યો છે.

## વિરાટ કોહલીએ અચાનક ટેસ્ટની કેપ્ટનશીપ છોડતાં જિલ્લાના ચાહકો નિરાશ

બાયડ તા.૧૬

ભારતીય ટીમના લડાયક મિજાજના કેપ્ટન વિરાટ કોહલીએ સાઉથ આળિકા સામે ત્રીજી ટેસ્ટ અને શ્રેણી હારતા અચાનક ટેસ્ટની કેપ્ટનશીપ છોડી દેતાં દેશના કરોડો ચાહકો નિરાશ થયા છે. સાબરકાંઠા-અરવલ્લીમાં પણ વિરાટ કોહલીના ૫ લાખથી વધુ ક્રિકેટ ચાહકો છે તે પૈકીના મોટાભાગના ચાહકો વિરાટ કોહલીએ ટેસ્ટ કેપ્ટનશીપ છોડતાં નિરાશ થયા છે અને કેટલાંક ચાહકોએ ગતરોજ ભોજન લેવાનું ટાળ્યું હતું. કેટલાંક કોહલી પ્રેમીઓએ હવે ટીવી ઉપર કોઈપણ મેચ નહિ નિહાળવાનો સંકલ્પ લીધાનું જાણવા મળ્યું છે. છેલ્લા કેટલાંય સમયથી ભારતીય ટીમમાં કઈ બરાબર ચાલતું ન હોવાના ડ્રેસીંગ રૂમમાંથી અહેવાલો આવતા હતા. વાઈસ કેપ્ટન નિમાયેલા રોહિત શર્માએ ઈજાનું બહાનું આગળ ધરી સાઉથ આફ્રિકાનો પ્રવાસે જવાનું ટાળ્યા પછી ટીમમાં કઈ ઉથલ પાથલ ચાલતી હોવાના અંસાર હતા. ટીમના કોચ તરીકે રવિ શાસ્ત્રીની વિદાય પછી રાહુલ દ્રવિડને મુખ્ય કોચ તરીકે પસંદ કરાયા પછી વિરાટ કોહલી અને તેમની સેના નારાજ હોવાના મીડિયા અહેવાલ હતા. દક્ષિણ આફ્રિકા સામેની બીજી-ત્રીજી ટેસ્ટમાં ભારતીય ટીમનો ફ્લોપ શો સામે આવ્યો. ભારતીય ટીમ અંતિમ ટેસ્ટ અને શ્રેણી હાર્યા પછી ચાહકોમાં નિરાશા જરૂર હતી પરંતુ કોહલી કેપ્ટનશીપ છોડી દેશે તેની ક્રિકેટ ચાહકોને કલ્પના પણ ન હતી. ટીવી માધ્યમો દ્વારા વિરાટ કોહલીએ ટેસ્ટની કેપ્ટનશીપ છોડ્યા પછી ક્રિકેટ પ્રેમીઓ નિરાશ થયા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક યુવાઓ કોહલીના ખાસ ચાહકો છે. વિરાટ કોહલીએ કેપ્ટનશીપ છોડ્યા પછી ટીમમાં મોટી ઉથલ પાથલની દહેશત સેવાય છે.